# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC "A" (3.02) State University

યુનિવર્સિટી રોડ, પાટણ–૩૮૪૨૬૫ (ઉ.ગુ.)

ફોન : ૨૨૨૭૪૫, ૨૩૦૫૨૯, ૨૩૦૭૪૩, ૨૩૩૬૪૮ ફેકસ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in

પરિપત્ર નં./ ૯૬ /૨૦૧૮

**વિષય : એનરોલમેન્ટ / રજીસ્ટ્રેશન ફોર્મ ઓન લાઈન કરવા અંગે...**

શ્રીમાન,

આ યુનિવર્સિટીના ઓર્ડિ. – ૪૨ મુજબ પ્રથમ વર્ષના સેમે.–૧માં પ્રવેશ મેળવતાં વિધાર્થીઓના એનરોલમેન્ટ / રજીસ્ટ્રેશન કરાવવાનાં હોય છે. એનરોલમેન્ટ અને રજીસ્ટ્રેશનની કામગીરી શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ થી યુનિવર્સિટી ધ્વારા ઓનલાઈન મૂકેલ સોફટવેરમાં કરવાની રહેશે.

વિધાર્થીઓ પાસે એનરોલમેન્ટ ફોર્મ ભરાવી તે ફોર્મની એન્ટ્રી કોલેજે યુનિવર્સિટી ધ્વારા નિર્ધારીત કરેલ ઓનલાઈન સોફટવેરમાં કરવી અને તે સોફટવેર ધ્વારા તૈયાર થયેલ પત્રકો ઓનલાઈન લોગ ઈનની સૂચના મુજબ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફી જમા કરાવી ચલણની ઝેરોક્ષ નકલ સાથે યુનિવર્સિટીમાં **સાયન્સ વિધાશાખા સિવાયની કોલેજોએ** <u>મોડા માં મોડા તા.૩૧–૭–૨૦૧૮</u> સુધીમાં જમાં કરાવવાનાં રહેશે.**સાયન્સ વિધાશાખાની કોલેજોએ તા.૧૬–૮–૨૦૧૮** સુધીમાં જમાં કરાવવાનાં રહેશે. ત્યાર બાદ કોઈપણ સંજોગોમાં એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.જેની ખાસ નોંધ લેશો.

આ પ્રોગ્રામ ધ્વારા કરવામાં આવેલ એન્ટ્રીનો ઉપયોગ પરીક્ષા ફોર્મમાં પણ કરવાનો રહેશે. આથી કોઈ પણ વિધાર્થીનાં <u>નામના સ્પેલીંગમાં કે અન્ય વિગતમાં જો ભૂલ થયેલ હશે તો તેની સઘળી જવાબદારી સંબધિત વિધાર્થીની અને કોલેજની રહેશે. જેથી વિધાર્થીનાં નામ/સરનામાની એન્ટ્રી ચિવટપૂર્વક કરી તેની જરૂરી ચકાસણી કરી યુનિ.ને મોકલવાનાં રહેશે.</u>

૧. એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મનો નમુનો ઓનલાઈન મૂકવામાં આવેલ છે. ઓનલાઈન મૂકેલ ફોર્મની તમામ વિગતોની એન્ટ્રી કરવાની રહેશે.

૨. એનરોલમેન્ટ ફોર્મ માં વિધાર્થીના નામ ધો.12th ની માર્કશીટ મુજબ લેવા જયારે રજીસ્ટ્રેશન ફોર્મ માટે છેલ્લી ટી.વાય.(સ્નાતક) ની માર્કશીટ પરથી લેવા.

૩. ઓનલાઈન એન્ટ્રી થયેલ ફોર્મ મુજબ **એનરોલમેન્ટ / રજીસ્ટ્રેશન ફી પેટે રૂા. ૧૦૦ /–** ફોર્મ દીઠની રકમ ઓનલાઈન લોગ ઈનની સૂચના મુજબ જમા કરાવવાનાં રહેશે. જો ઓફલાઈન પેમેન્ટ કરવા માંગતા હોય તો <u>સદર નાણાં તા.૩૧–૭–૨૦૧૮</u> **<u>સુધીમાં બેન્કમાં જમા કરાવવાનાં રહેશે. ત્યાર બાદ જમા થયેથી નિયમાનુસાર લેઈટ ફી લેવામાં આવશે.</u>**

૪. જે તે વિધાશાખામાં વિધાર્થીને પ્રવેશ આપતી વખતે જે તે વિધાર્થી યુનિવર્સિટીના નિયમાનુસાર પ્રવેશ પાત્રતા ધરાવે છે કે નહીં ? તેની ખાસ ચકાસણી કોલેજે કરી લેવી જરૂરી છે. પ્રવેશપાત્રતા ન ધરાવતાં વિધાર્થીઓનાં પ્રવેશ રદ કરવામાં આવશે. તેની સંપૂણ જવાબદારી વિધાર્થી અને કોલેજની રહેશે.

૫. ઓનલાઈન એન્ટ્રી કરવા માટે www.hngu.net લોગીન કરવુ. ઓનલાઈન એન્ટ્રી માટે કોઈ પણ પ્રકારની મુશ્કેલી પડે તો **મોબાઈલ નબર–૭૬૦૦૮૦૦૭૧૯** ઉપર સંપર્ક કરવો.

૬. સદર ઓનલાઈન એન્ટ્રી માટે વિધાર્થીનો તાજેતર નો ફોટો અને તેની સહી સ્કેન કરવાના રહેશે. વિધાર્થીનો ફોટો અને સહી સ્કેન કર્યા વગરનું ફોર્મ કોઈ પણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહિ.

૭. એન .ફી / રજી. ફી ભરવા માટે કોલેજોએ પોતાના લોગ ઈનમાંથી ભરવાની રહેશે. તે સૂચનાઓ ત્યાં જોવા મળશે.

**ત્યાર બાદ તમારી કોલેજની વિગતો માંગ્યા મુજબની ભરવી. ચલણની કોપી કાઢવી, તે ચલણથી જ બેન્કમાં ઓનલાઈન નાણાં જમા કરાવવા. ઓનલાઈન બીજા દિવસે તે સાઈટ પર જઈ તેની પહોંચ મેળવી લેવી, ત્યાર બાદ પહોંચની ઝેરોક્ષ નકલ આચાર્યના સહી, સિકકા સાથે એન્ટ્રી કરેલ લીસ્ટની કોપી સાથેની વિગતો પણ યુનિવર્સિટીમાં જમા કરવાની રહેશે.**

સદર કાર્યવાહીમાં આપનો સાથ અને સહકારની અપેક્ષા સહ.

કા. કુલસચિવ

નં.એકે/પ્રવેશ/ ૨૨૧૧ /૨૦૧૮

તા. ૨૮ /૦૬/૨૦૧૮

પ્રતિ,

યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ તથા યુનિવર્સિટી / અનુ. વિભાગોના તમામ અધ્યક્ષશ્રીઓ

**<u>નકલ રવાના :</u>**

યુનિવર્સિટીનાં તમામ શાખાધ્યક્ષશ્રીઓ તરફ જાણ સારૂ

કોમ્પ્યુટર સેન્ટર તરફ યુનિ.ની વેબ સાઈટ પર મૂકવા સારૂ,

આંકડાકીય શાખા તરફ તમામ કોલેજોને ઈ–મેલ કરવા સારૂ

D:\OZA\ENROL_REGIS_LETTER_18.doc